# રાજયમાં ૮૮ એએસઆઈને પીએસઆઈના પ્રમોશન

## ખાતાકીય પરીક્ષા મોડ-૩માં ઉત્તીર્ણ થયેલા ગાંધીનગર જિલ્લાના ૧૦ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી મળી

ગાંધીનગર, તા.૯

રાજય પોલીસ બેડામાં બઢતી અને બદલીની મૌસમ ખીલી છે ત્યારે રાજયના ૮૮ બિન હથિયારી એએસઆઈને પીએસઆઈના પ્રમોશન મળ્યા છે. ખાતાકીય પરીક્ષા મોડ-૩માં ઉત્તીર્ણ થઈને પીએસઆઈમાં બઢતી મેળવનાર આ ૮૮ પોલીસ કર્મીઓ પૈકી ૧૦ કર્મીઓ ગાંધીનગર જિલ્લામાં છે. ગાંધીનગર જિલ્લાના ૧૦ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી મળી છે જેમના ડીટેઈલ્ડ પોસ્ટીંગ પણ થઈ જવા પામ્યા છે.



રાજયભરમાંથી ૮૮ એએસઆઈને મળેલા ખાતાકીય પ્રમોશનમાં ગાંધીનગર જિલ્લાના ૧૦ એએસઆઈને પીએસઆઈ બનાવવામાં આવ્યા છે. જેમાં ગૌતમભાઈ દાનાભાઈ પરમારને અમદાવાદ શહેરના સેટેલાઈટ પોલીસ મથકમાં જયારે પુનમભાઈ છપ્પનભાઈ પટણીને વડોદરા શહેરના સમા પોલીસ સ્ટેશનમાં પોસ્ટીંગ આપવામાં આવ્યું છે. તે ઉપરાંત જયંતીલાલ મુળજીભાઈ પરમારને અમદાવાદ શહેર, અશોકકુમાર કેશવલાલ પરમારને મહેસાણા, મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ પરમારનો અમદાવાદ શહેર, અશોકકુમાર બુધાલાલ પરમારને અમદાવાદ શહેર, ભીખાભાઈ સરતાનભઈ રબારી અને બકોરસિંહ બાબુસિંહ વાઘેલાને અમદાવાદ શહેર, વિનોદકુમાર મોહનદાસ સાધુને વડોદરા શહેર અને શૈલેષકુમાર બચુભાઈ નાયકને સુરત શહેરમાં મુકવામાં આવ્યા છે. ગાંધીનગરમાંથી ૧૦ એએસઆઈ બઢતી મેળવીને પીએસઆઈ બની અન્ય જિલ્લાઓમાં ગયા જયારે ગાંધીનગર જિલ્લાને એક પણ નવા પીએસઆઈ મળ્યા નથી.





# શહેરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ફિકસ પે કર્મચારીઓનું મહાસંમેલન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે બપોરના સુમારે રાજયભરમાંથી ફિકસ પે માં ફરજ બજાવતા કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ મહાસંમેલનમાં બોર્ડ નિગમ અને સરકારી સાહસોના કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા. જયારે સવારથી સત્યાગ્રહ છાવણી કર્મચારીઓથી છવાયેલી રહી હતી. ફિકસ પે ના કર્મચારીઓએ રાજયના રાજયપાલને આવેદન પત્ર પાઠવી આ પ્રથા નાબુદ કરવા રજુઆત કરી છે.

રાજયભરમાંથી ફિકસ પે ના કર્મચારીઓ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મહાસંમેલનમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. જેમાં ૧૩ વર્ષ જુની ગેરબંધારણીય ફિકસ પે પ્રથા નાબુદ કરવી, જુની પેન્શન યોજના શરુ કરવી,ફિકસ પગારમાં ફુલ પગાર મેળવનાર તમામ કર્મચારીઓને ચુકાદો ન આવે ત્યાં સુધી પાંચ કાલ્પનિક ઈજાફા આપી નિયમિત નિમણુંક આપવી, ફિકસ પગારમાં ફરજ બજાવી હોય તેવા કર્મચારીઓને ફિકસમાંથી ફિકસ અને ફિકસમાંથી રેગ્યુલર તેમજ રેગ્યુલરમાંથી ફિકસ તમામ સમયગાળાની સેવા સળંગ ગણવી, આર્મીમાંથી ગુજરાત સરકારમાં નિમણુંક મેળવનાર એકસ સર્વિસમેનને ફિકસ પે નિતીમાંથી બાકાત રાખવા,ફિકસ પગારમાં થયેલા સાતમા પગારપંચ મુજબના સુધારાથી હાલમાં મળવાપાત્ર પગારમાં નજીવો તફાવત હોવાથી ફિકસ પગારની પ્રથા દુર કરી આનુસંગીક તમામ લાભ આપવા તેમજ એરીયર્સના લાભ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાને આધિન આપવામાં આવે સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે. તો બીજીતરફ ફિકસ પે ના કર્મચારીઓના પડતર પ્રશ્નનો કાયમી ઉકેલ ના આવતા કર્મચારીઓ આજે સત્યાગ્રહ છાવણી એકઠા થયા હતા. ત્યારે કર્મચારીઓએ આજે રાજયના રાજયપાલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.




# શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ઉમટી પડ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને માત્ર માસિક રૂ. ૧૬૦૦ જ પગાર આપવામાં આવે છે. ત્યારે કારમી મોંઘવારીમાં જીવન નિર્વાહ કરવાનું આ કર્મચારીઓ માટે અઘરુ સાબિત થઈ રહ્યું છે.ત્યારે આજે મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહાસંઘના નેજા હેઠળ હજ્જારો કર્મચારીઓએ પડતર પ્રશ્નોના ઉકેલ માટે ધામા નાંખ્યા છે.



મધ્યાહન ભોજન કર્મચારીઓએ સંમેલન દરમિયાન કર્મચારીઓની પગાર વધારાની તેમજ બાળકોને ભોજન માટે પૈસા વધારવાની રાજેન્દ્રસિંહ ચુડાસમાએ માંગણી કરી હતી. જયારે આંદોલનકર્તા પ્રવિણ રામે આજે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે મુદ્દાઓનું નિરાકરણ નહી આવે તો વર્ષ ૨૦૧૯માં મત ના આપવાનું આંદોલનકારી પ્રવિણ રામે આહ્વાન કર્યુ હતું. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પ્રશ્નોમાં મુખ્યત્વે ૨૮ હજાર સંચાલકોને હાલમાં પ્રર્વતતુ નવુ મેનું ભોજન અને નાસ્તો બંન્ને પ્રકારની વાનગી પીરસવાની વધારાની કામગીરી અંગે વેતનમાં વધારો કરવામાં આવે, ફેબ્રુઆરી-૧૭ બાદ એક ભોજનને બદલે બે વખત ભોજનની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ તેમના વધારાનો જથ્થો કે કુકીંગ કોસ્ટની જોગવાઈ કરવાનું સરકાર ભુલી ગઈ છે. નાસ્તા અને કુકીંગ માટે અલગ જોગવાઈ તેમજ કોસ્ટ નક્કી કરવામાં આવે, તેમજ આગામી દિવસથી જુની પ્રણાલી મુજબ એક જ વખત ભોજન પીરસવાનું શરુ રાખવામાં આવે, મધ્યાહન ભોજન યોજના કર્મચારી સંઘની માંગણી મુજબ કુકીંગ કોસ્ટ મંજુર કરવામાં આવે તે સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. આજે મધ્યાહન ભોજન કર્મચારીઓ રાજયભરમાંથી મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે આજે છાવણી સવારથી સાંજ સુધી કર્મચારીઓથી છવાયેલી જોવા મળી હતી.

## ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીયકક્ષાએ નિમણુંક

ગાંધીનગર, તા. ૯

અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને રાષ્ટ્રીય કાર્યકારણીમાં સમાવેશ કરીને પ્રભારીમંત્રી તરીકે



સર્વાનુમતે નિયુક્ત કરાયા છે. અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનનું સંમેલન યોજાયુ હતુ. ૧૩ રાજ્યોના પ્રતિનિધિઓની કાર્યકારીણી સમિતિમાં વરણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીનો સમાવેશ કરાયો છે. છેલ્લા ૨૫ વર્ષથી મિસ્ત્રી સુથાર સમાજ સક્રિય છે. સુથાર સમાજમાં ઠાકોર મિસ્ત્રીની નિમણુંક થતાં આનંદની લાગણી વ્યાપી છે.

# મહેસૂલી કર્મચારીઓ ૧૧મીથી અચોક્કસ મુદતની હડતાલ પર

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય મહેસુલી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. રાજય સરકાર સમક્ષ પડતર પ્રશ્નોને લઈ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા તંત્ર દ્વારા હકારાત્મક વલણ નહીં દાખવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આગામી તા. ૧૧ માર્ચથી મહેસુલી કર્મચારીઓએ સરકાર સમક્ષ બાયો ચડાવી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરશે.

મહેસુલી કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં સીધી ભરતીના ના.મા.ના પાંચ વર્ષનો કરારીય સમય પૂર્ણ થવા છતા નિયમિત પગારના આદેશ થયા નથી. જેથી કર્મચારીઓને પૂર્વ સેવા તાલિમાત પરિક્ષા તેમજ નિમ્ન મહેસુલી લાયકાત પરિક્ષા પાસ કરેલ છે. પરંતુ પુરા પગારના આદેશ થયા નથી. તેમના પુરા પગારના આદેશો તાત્કાલીક દુર કરવા, સરકારના તા.૨૧-૫-૧૮ના હુકમથી કલાર્ક સંવર્ગના કર્મચારીને ના.મા. કક્ષામાં પ્રમોશન જિલ્લામાં જગ્યા ખાલી હોવા છતા અન્ય જિલ્લા ફાળવેલ છે. જેથી આવા કર્મચારીઓને મઉલ મહેકમના જિલ્લામાં મુકવા, કલાર્ક-રેવન્યુ તલાટી સંવર્ગમાંથી ના.મા.માં પ્રમોશન આપવા અંગે તેમજ ૨૦૦૯ની કલાર્કની બેચના તમામ કલાર્કનો સમાવેશ કરવા અંગે,૧૧૪૦ સુધીના તમામ ના.મા.માંથી મામલતદારમાં પ્રમોશન આપવા અંગે, કર્મચારીઓના પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ થયેલી નિયત તકમાં પરિક્ષા પાસ કરવાની શરતે પુરા પાગરન હુકમ કરવા,સીધી ભરતીના ના.મા.ની પૂર્વ સેવા પરીક્ષાનું પરિણામ જાહેર કરવા અંગે, ના.મા.મામલતદારની સિનિયોરીટી યાદી તૈયાર કરવા સહિતનો સમાવેશ થાય છે. ત્યારે મહેસુલી કર્મચારીઓની નવ જેટલી માંગણીઓનો સ્વીકાર નહીં થતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.ત્યારે સરકાર સમક્ષ અનેકવાર રજુઆત છતા હકારાત્મક વલણ નહીં અપનાવતા કર્મચારીઓ આગામી તા. ૧૧ માર્ચના રોજ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરશે.

# સેક્ટર-૨૫ જીઆઈડીસી અને સેક્ટર-૬ ખાતેથી બાઈક ચોરાયા

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે ગુરુવારના રોજ આશિષ રાત્રે આઠ વાગ્યાના અરસામાં નોકરી ગયો હતો. ત્યારે કંપનીની અંદર આવેલા પાર્કીંગમાં પોતાનું બાઈક પાર્ક કર્યું હતું. આશિષ રાત્રીના સમયે ચા પીવા માટે બહાર નીકળ્યો ત્યારે જોયું તો પાર્કીંગમાં તેનું બાઈક ન હતું. બાઈકની શોધખોળ આસપાસના વિસ્તારમાં કરી હતી છતા બાઈક મળી આવ્યું ન હતું. કોઈએ તેની સાથે મજાક કરી હોવાનું માનીને રાહ જોઈ હતી. પરંતુ બે દિવસનો સમય વીતી ગયો હોવા છતા બાઈક નો અત્તો પત્તો ના લાગતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટરોમાં વાહન સલામત રહ્યા નથી, છાશવારે વાહનચોરીની ઘટનાઓ બની રહી છે. પોલીસ પેટ્રોલીંગ અને સીસીટીવી નજર વચ્ચે વાહન ચોર પોતાની ચોરીને અંજામ આપી ગાયબ થઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૬ જ ટાઈપમાં ઘર આગળ પાર્ક કરેલુ બાઈક પણ કોઈ ઉઠાવી ગયું હતું. સે-૬ માં બ્લોક નં.૫૩-૩ ખાતે રહેતો પ્રકાશ કાંતિભાઈ પટેલ ઉબેર ઈટ્સમાં બાઈક પર ફુડ ડિલીવરીનું કામ કરે છે. ૬ માર્ચના રોજ પ્રકાશ પોતાનું પલ્સર બાઈક નં જી.જે.૧૮.ડી.એ.-૩૧૬૩ રાત્રે અગીયાર વાગે ઘર આગળ પાર્ક કરીને સુઈ ગયો હતો. સવારે યુવકે ઉઠીને જોયું તો પાર્ક કરેલું બાઈક ગાયબ હતું. બાઈકની શોધખોળ કરતા ન મળતા સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોલવડા ગામે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં સરકારી બોરવેલ પાસેથી પેથાપુર પોલીસે બાતમીને આધારે શુક્રવારના રોજ બપોરના એક વાગ્યાના અરસામાં નારાયણ લાલાભાઈ પટેલને પકડી પાડ્યો હતો. કોલવડા ગામમાં લાલઘર માતાના રોડ પર રહેતા નારાયણ પાસેથી વરલી મટકાનો આંક લખેલી ડાયરી ૧૫૩૦ રોકડા, એક ફોન મળી કુલ ૨૦૩૦ના મુદ્દામાલ જપ્ત કરાયો છે. પેથાપુર પોલીસે આરોપી વિરુદ્ધ જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબનો ગુનોં નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## રુદ્રાભિષેક મંડળ દ્વારા મહાપ્રસાદનું આયોજન

રુદ્રાભિષેક મંડળ ઉપક્રમે લઘુરુદ્રાભિષેકના સભ્ય ઘનશ્યામભાઈ શુકલના નિવાસસ્થાન ૪૫ વૃંદાવન બંગ્લોઝ, કુડાસણ ખાતે આજે સવારે ૯ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ છે. મંડળના સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયુ છે તથા પંચદેવ મંદિરથી વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ મહામંત્રી બી.ડી. શર્મા દ્વારા જણાવાયુ છે.

## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક યોજાઈ

કોંગ્રેસના એક પછી એક ધારાસભ્યો ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસની પાલનપુર ખાતે યોજાઈ રહેલી કારોબારી બેઠકમાં આવેલા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ તમામ મોરચે નિષ્ફળ ગયો હોઈ પ્રજા વચ્ચે જઈ શકે તેમ ન હોઈ કોંગ્રેસના ધારાસભ્યોને શામ દામ દંડ ભેદની નીતિ અપનાવી તોડી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

કોંગ્રેસના બે ધારાસભ્યોએ રાજીનામા આપ્યા બાદ જવાહર ચાવડાને કેબિનેટ મંત્રીનું સ્થાન અપાયું છે ત્યારે પાલનપુર ખાતે કોંગ્રેસની કારોબારી બેઠકમાં આવેલા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આ બાબતે ભાજપને વખોડયો હતો અને તેમને જણાવ્યું હતું કે ભાજપને પોતાના કાર્યકરો કે નેતાઓ પર વિશ્વાસ નથી. આજે ભાજપનો સાચો કાર્યકર દુ:ખી છે.મુખ્યમંત્રી ખુદ ભાજપના સાશનમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું કબૂલે છે.જેથી પ્રજા વચ્ચે જઈ શકે તેમ નથી આથી કોંગ્રેસના સભ્યને તોડે છે.કોંગ્રેસ ૧૨૨ વર્ષ જૂની પાર્ટી છે તે કોઈ કાવાદાવા કરતી નથી.રાજ્ય સભાની ચૂંટણી વખતે ગમે તેવા કાવાદાવા કરવા છતાં ભાજપ પોતાના ઉમેદવારોને જીતાડી શકી નથી.આમ પ્રજા બધું સારી રીતે જાણે છે અને આગામી ૧૨ માર્ચે અમદાવાદ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીના અધ્યક્ષતામાં યોજાનાર જન સંકલ્પ રેલીમાં બનાસકાંઠા જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય.

## જયોતિ મહિલા મંડળ દ્વારા મહિલા સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર તા ૯

જયોતિ મહીલા મંડળ દ્વારા વિશ્વ મહીલા સપ્તાહની ઉજવણી નિમિત્તે સ્ત્રી રોગ અને ગર્ભાધાન સંસ્કાર પરત્વે પરિસંવાદ તેમજ લગ્નગીત કાર્યક્રમ યોજવામાં આવશે.

જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચના જણાંવ્યા મુજબ ગત તા ૫ માર્ચના રોજ કૃષ્ણભક્તિ સુરદાસની નાટય પ્રસ્તુતિમાં ૧૧૦૦ બહેનો દ્વારા વિશ્વ મહીલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જયોતિ મહીલા મંડળ દ્વારા સતત ૪૫ વર્ષથી મહીલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ અન્વયે આગામી તા ૧૨ માર્ચના રોજ સે-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે સ્ત્રીરોગ વિષયક પરિસંવાદ તેમજ ગર્ભાધાન સંસ્કાર માર્ગદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવશે. જેમા ડો ધરાબેન પટેલે માર્ગદર્શન પુરુ પાડશે. જયારે બહેનોએ લગ્નગીત સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૧૫ માર્ચના રોજ કાનુની શિક્ષણ શિબિર અને બેટી બચાવો અને પઢાઓ સહીતના કાર્યક્રમો યોજાશે.







**મહેસૂલી કર્મચારીઓની પ્રતિક હડતાલ**

ગુજરાત રાજય મહેસુલ કર્મચારી મહામંડળ હડતાળ કમિટી દ્વારા મહેસુલી કર્મચારીઓના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓને લઈને એક દિવસની સી.એલ.પર રહીને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલને આવેદનપત્ર આપી રજુઆતો કરી. ગુજરાત રાજય મહેસુલ કર્મચારીઓની પડતર માંગણીઓ અને વિવિધ પ્રશ્નોને લઈને મહેસુલ કર્મચારીઓ દ્વારા તા.૮-૩-૨૦૧૯ને શુક્રવારના રોજ પ્રાંતિજ, ઈડર, રાજપીપળા, તાપી, બોટાદ, જામનગર સહિતના રાજયભરના મહેસુલ વિભાગના કર્મચારીઓ દ્વારા એક દિવસની માસ સી.એલ. ઉપર રહીને ગાંધીનગર ખાતે જઈને ગુજરાત રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલને આવેદનપત્ર આપીને રજુઆતો કરી તો તા.૧૧-૩-૨૦૧૯ને સોમવારના રોજથી અચોકકસ મુદત માટે હડતાળ ઉપર જવાની લેખિતમાં જાણ કરવામાં આવી છે.

# પ્રાંતિજના રણછોડપુરા પ્રાથમિક શાળા છેલ્લા પંદર દિવસથી વિદ્યાર્થી વિહોણી

## ગ્રામજનો દ્વારા ૧૧મી તારીખથી ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલનની ચિમકી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ખાતે આવેલ રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકાની બદલીને લઈને છેલ્લા ૧૫ દિવસથી રણછોડપુરા પ્રાથમિક શાળા વિદ્યાર્થી વિહોણી બની છે. જવાબદારતંત્ર હાલ તો ઘોર નિદ્રામાં હોય તેવું જણાઇ આવે છે. ગ્રામજનો દ્વારા ૧૧મી તારીખથી ગાંધીચિધ્યા માર્ગે ઉપવાસ આંદોલનની ચિમકી આપી છે.

પ્રાંતિજના રણછોડપુરા પ્રાથમિક શાળામાં છેલ્લાં ૧૫ દિવસથી ગ્રામજનો દ્વારા શાળાની શિક્ષિકાની બદલીને લઈને તાળાબંધી અને બાદમા વાલીઓ તથા ગ્રામજનો દ્વારા બાળકોને શાળામાં મોકલતા નથી. છેલ્લાં ૧૫ દિવસથી શાળાના વિદ્યાર્થીઓ શાળાએ ના જતાં તેવોના અભ્યાસ સાથે તેવોના ભાવી ઉપર પણ મોટી અસર પડી છે. બીજીબાજુ પરીક્ષા સીરે ચડીને આવી છે ત્યારે બાળકો શાળાની જગ્યાએ છેલ્લા પંદર દિવસથી ઘરે કે ફળીયામાં રખડતા જોવા મળે છે. જેની જવાબદારી છે તે શિક્ષણ વિભાગ પણ છેલ્લા પંદર દિવસથી ઘોરનિદ્રામાં હોય તેવું હાલ તો જણાઈ આવે છે. સાથે સાથે જિલ્લા વહીવટીતંત્ર પણ જિલ્લાના બાળકો છેલ્લા પંદર દિવસથી શાળા સમયે શાળામાં ના જતાં હોય ઘરે બેસી રહેવાની આટલી મોટી ઘટના છતાં ઉંઘતુ ઝડપાયું છે, તો બીજી બાજુ ગ્રામજનો વાલીઓ દ્વારા શિક્ષિકાની બદલીને લઈને આગામી ૧૧મી તારીખથી ઉપવાસ આંદોલન ઉપર જવાની ચિમકી આપી છે, ત્યારે જિલ્લા વહીવટીતંત્ર તથા જિલ્લા શિક્ષણ વિભાગ ક્યારે જાગશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.



**આ અંગે જિલ્લા કચેરી હિંમતનગર ખાતે રૂબરૂ જિલ્લા અધિક્ષક આર.એલ. પટેલને રૂબરૂ સંપર્ક કરી આ અંગે પુછતાં તેવોએ જણાવ્યું કે આમાં અમે કશું કરી ના શકીએ. આ પ્રશ્ન શિક્ષણ વિભાગનો પ્રશ્ન છે અને અમારે અત્યારે ચુંટણીલક્ષી મીટીગ છે તેમાં જવાનુ છે તેમ કહીને જિલ્લા અધિકારીએ ચલતી પકડી હતી. ત્યારે જિલ્લાના ઉપલી અધિકારીને પોતાના જિલ્લાના બાળકોનુ છેલ્લા ૧૫ દિવસથી અભ્યાસ સાથે ભાવી બગડે છે ત્યારે આનો જવાબ કે સમસ્યાનો હલ લાવીશું કહેવાને બદલે મીટીગમાં જવું છે તેમ કહીને તેવોની ઓફિસમાંથી ચલતી પકડી હતી. વાલીઓ તથા ગ્રામજનો દ્વારા હવે શિક્ષિકાની બદલીને લઇને ઉપવાસ આંદોલનનું હથિયાર ઉગામ્યુ છે ત્યારે શું જિલ્લાતંત્ર કે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આવનાર દિવસોમાં શું એક્શન લેવામાં આવશે એ તો હવે જોવું રહ્યું.**